2010-02-27 -News Report about Samadhan Meeting at ABKKPS Nakhtrana (1486)

સનાતન-સતપંથ સમાધાન મીટીંગ હોબાળો થતાં સ્થગીત રખાઈ

❖ સમાધાન પંચની બેઠક તોડી પાડવા માટેના પ્રયત્નને સમાજના આગેવાનો દ્વારા વખોડી કાઢવામાં આવ્યો.

❖ કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રી દ્વારા કેસો પાછા ખેંચવા આદેશ બહાર પાડવામાં આવ્યો

<u>નખત્રાણા :</u> (અમારા પ્રતિનિધિ શ્રી ઈશ્વરભાઈ માવજી ભગત દ્વારા)

ગત તા. ૨૭-૨-૨૦૧૦ના સમાધાન પંચની મીટીંગ દરમ્યાન શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખ્ય કાર્યાલય પાટીદાર વિદ્યાર્થી ભવન સમરાંગણમાં ફેરવાઈ જવાનો બનાવ બનતાં જ્ઞાતિજનો હેબતાઈ ગયા છે.

સમાજના મુખ્ય કાર્યાલય ખાતે એક તરફ સુમેળભર્યા વાતાવરણમાં સનાતન અને સતપંથના આગેવાનો સમાધાન પંચ તેમજ કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીની મધ્યસ્થીમાં આગળ વધી રહ્યા હતા. આખરી નિર્ણયો લેવાની તૈયારી હતી ત્યારે અચાનક જ મીટીંગ રૂમના દરવાજે ટકોરા પડ્યા અને અમદાવાદ શહેરની પોલીસ પાર્ટી હોલમાં દાખલ થઈ. જ્યાં પોલીસ પાર્ટી સાથે આવેલ કાર્યકર દ્વારા સનાતન પક્ષે પંચ તરીકે આવેલ મૂળ ખોંભડીના અને હાલે બેંગ્લોર રહેતા રમેશભાઈ માવજી વાઘડીયાને આંગળી ચીંધી બતાવેલ. જેથી પોલીસ પાર્ટીએ વોરંટ બજવણી અને ધરપકડ માટે આગળ વધવા પ્રયત્ન કરેલ. અચાનક થયેલ હુમલા જેવા વર્તનથી સમાજના આગેવાનો, સતપંથ-સનાતનના પંચો પણ હેબતાઈ ગયેલ. તુરત જ હોબાળો શરૂ થઈ ગયેલ અને સમાધાન પંચની મીટીંગ સ્થગિત કરવી પડેલ.

સનાતન પંથના ઉપસ્થિત સભ્યોને લાગેલ કે અમારી સાથે પૂર્વ આયોજિત કાવતરૂં કરવામાં આવેલ છે. સનાતન સમાજના આગેવાનની ધરપકડ કરવા અમદાવાદથી પોલીસ પાર્ટી આવેલ છે એવા સમાચારો વાયુવેગે નખત્રાણા અને આજુબાજુના ગામોમાં ફેલાતાં ૧૫ થી ૨૦ મિનિટમાં પાટીદાર બોર્ડીંગમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા અને સંસ્થા બિલ્ડીંગને કોર્ડન કરી લેવામાં આવેલ.

બપોર બાદ ૩-૦૦ વાગ્યાથી શરૂ થયેલ સમાધાન મીટીંગમાં ૬-૦૦ વાગ્યાથી આજુબાજુ બનાવ બનતાં તોફાની ડ્રામાની શરૂઆત થયેલ. એક સમયે વિશાળ સંખ્યા એકત્રિત થઈ જતાં કાયદો વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ. નખત્રાણા પી.એસ.આઈ. તેમજ નખત્રાણા સી.પી.આઈ.ની ટીમો દ્વારા અને નખત્રાણાના ડૉ. શાંતિલાલ સેંઘાણી અને તેમના મિત્રોની સતત જહેમત બાદ મોડી રાત્રે વાતાવરણ શાંત કરવામાં આવેલ. રમેશભાઈ વાઘડીયાએ થોડા સમય પહેલાં જ હૃદયનું ઓપરેશન કરાવેલ તેને અચાનક થયેલા બનાવોથી અસર થતાં મોડી રાત્રે દેવાશિષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ, જે અત્યારે નખત્રાણા પોલીસની નજરકેદ હેઠળ સારવાર મેળવી રહ્યા છે.

સમાધાન પંચની મીટીંગ દરમ્યાન બનેલ બનાવ સંદર્ભે બીજા દિવસે પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીની આગેવાની હેઠળ સમાધાન પંચના બંને પંથના આગેવાનો ફરીથી મળેલ અને ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સમાધાન ન ઈચ્છતા તત્વો દ્વારા જે રીતે મીટીંગને જ નજર સમક્ષ રાખીને ઉંબાડીયું કરવામાં આવ્યું તેને આગેવાનો દ્વારા વખોડી કાઢવામાં આવેલ.

સતપંથ સમાજના ઉપસ્થિત આગેવાનોને પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીની સહીથી કેસો પાછા ખેંચવા આદેશ પત્ર આપવામાં આવેલ.

આદેશ પત્રમાં જણાવ્યા મુજબ બેંગ્લોરના રમેશભાઈ વાઘડીયા ઉપર થયેલ કેસ તેમજ મોડાસામાં થયેલ ક્રિમીનલ કોર્ટ કેસો તાત્કાલિક પાછા ખેંચવા અને થયેલ કાર્યવાહીની જાણ સમાજના મુખ્ય કાર્યાલય નખત્રાણા-કચ્છ ખાતે કરવાનું આદેશમાં જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત સમાધાન પંચના સભ્યો જે રીતે સમાધાનકારી વલણ અપનાવી કાર્ય કરી રહ્યા હતા તેને આમ જ્ઞાતિજનોએ આવકારવું જોઈએ અને ઉંબાડીયું કરનારને ખુલ્લા પાડવા જોઈએ. સમાજમાં શાંત વાતાવરણ સ્થપાય અને આગામી સુવર્ણ જયંતિ મહોત્સવ સુમેળભર્યા વાતાવરણમાં ઉજવાય એજ સમયની માંગ છે.

પાટીદાર વિદ્યાર્થી ભવનમાં ઘટેલી ઘટનાને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારોએ એકી અવાજે વખોડી

આપણી સમાજમાં ચાલતા સાંપ્રદાયિક મતભેદો તથા સમાજના ભાઈઓ ઉપર થયેલ કોર્ટ કેસો બાબતે સમાધાન સમિતિની રચના કરવામાં આવેલ છે. આ બાબતે સમાધાન સમિતિ, સનાતન સમાજના ભાઈઓ તથા સતપંથ સમાજના ભાઈઓની સાથે સંયુક્ત મીટીંગ તા. ૨૭-૨-૧૦ના પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા મધ્યે ચાલુ હતી તે દરમ્યાન રમેશભાઈ વાઘડીયા ઉપર સતપંથ સમાજના ભાઈ મણીલાલ કાન્જી છાભૈયા તરફથી થયેલ કોર્ટ કેસ બાબતે ધડપકડનું વોરંટ અમદાવાદ કોર્ટ તરફથી અમદાવાદ (અસલાલી) પોલીસ બજવણી કરવા માટે પાટીદાર વિદ્યાર્થી ભવનમાં આવેલને બજવણી કરેલ તે બાબતમાં રમેશભાઈની તબિયત બગડતાં દેવાશિષ હોસ્પિટલમાં દાખલ કરેલ.

ઉપરોક્ત થયેલ ગંભીર ઘટનાને નજર અંદાજ રાખી ગંભીર નોંધ લઈ સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીએ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારોની સંયુક્ત સભા અમદાવાદ ખાતે તાત્કાલિક બોલાવેલ. તેમાં ચર્ચા વિચારણાના અંતે નીચે લખ્યા મુજબના ઠરાવો કરવામાં આવેલ છે.

ઠરાવ - ૧ : સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણી દ્વારા તા. ૨૮-૨-૨૦૧૦ના રોજ સતપંથ સમાજના અગ્રણીઓને બોલાવીને કેસો પાછા ખેંચવા માટે આદેશ આપેલ તે આદેશને સતપંથ સમાજના અગ્રણીઓ તાત્કાલિક અમલ કરાવે જેથી સમાધાનના રાહ પર આવી શકાય.

ઠરાવ - ૨ : તા. ૨૭-૨-૧૦ની સમાધાન સમિતિની મીટીંગ પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણામાં ચાલતી હતી તે દરમ્યાન બનેલ ઉપરોક્ત ઘટના પૂર્વ આયોજિત હોવાનું જણાયેલ જેની સમાજ ગંભીરતાથી નોંધ લઈને તે ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

નખત્રાણા મધ્યે પાટીદાર વિદ્યાર્થી ભવનમાં સમાધાનની પ્રક્રિયા ચાલુ હતી તે દરમ્યાન સમાજના પરિસરમાં આ ઘટના ઘટી હોવાથી રમેશભાઈ વાઘડીયા પર થયેલ કેસ કાર્યવાહી અંગે સમાજ સહાનુભૂતિ દર્શાવે છે અને તેમને આ કાર્યવાહીમાં પુરા સહયોગમાં રહેશે.

2010-02-27 -News Report about Samadhan Meeting at ABKKPS Nakhtrana (1486)

સનાતન-સતપંથ સમાધાન મીટીંગ હોબાળો થતાં સ્થગીત રખાઈ

❖ સમાધાન પંચની બેઠક તોડી પાડવા માટેના પ્રયત્નને સમાજના આગેવાનો દ્વારા વખોડી કાઢવામાં આવ્યો.

❖ કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રી દ્વારા કેસો પાછા ખેંચવા આદેશ બહાર પાડવામાં આવ્યો

નખત્રાણા : (અમારા પ્રતિનિધિ શ્રી ઈશ્વરભાઈ માવજી ભગત દ્વારા)

ગત તા. ૨૭-૨-૨૦૧૦ના સમાધાન પંચની મીટીંગ દરમ્યાન શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખ્ય કાર્યાલય પાટીદાર વિદ્યાર્થી ભવન સમરાંગણમાં ફેરવાઈ જવાનો બનાવ બનતાં જ્ઞાતિજનો હેબતાઈ ગયા છે.

સમાજના મુખ્ય કાર્યાલય ખાતે એક તરફ સુમેળભર્યા વાતાવરણમાં સનાતન અને સતપંથના આગેવાનો સમાધાન પંચ તેમજ કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીની મધ્યસ્થીમાં આગળ વધી રહ્યા હતા. આખરી નિર્ણયો લેવાની તૈયારી હતી ત્યારે અચાનક જ મીટીંગ રૂમના દરવાજે ટકોરા પડ્યા અને અમદાવાદ શહેરની પોલીસ પાર્ટી હોલમાં દાખલ થઈ. જ્યાં પોલીસ પાર્ટી સાથે આવેલ કાર્યકર દ્વારા સનાતન પક્ષે પંચ તરીકે આવેલ મૂળ ખોંભડીના અને હાલે બેંગ્લોર રહેતા રમેશભાઈ માવજી વાઘડીયાને આંગળી ચીંધી બતાવેલ. જેથી પોલીસ પાર્ટીએ વોરંટ બજવણી અને ધરપકડ માટે આગળ વધવા પ્રયત્ન કરેલ. અચાનક થયેલ હુમલા જેવા વર્તનથી સમાજના આગેવાનો, સતપંથ-સનાતનના પંચો પણ હેબતાઈ ગયેલ. તુરત જ હોબાળો શરૂ થઈ ગયેલ અને સમાધાન પંચની મીટીંગ સ્થગિત કરવી પડેલ.

સનાતન પંથના ઉપસ્થિત સભ્યોને લાગેલ કે અમારી સાથે પૂર્વ આયોજિત કાવતરૂં કરવામાં આવેલ છે. સનાતન સમાજના આગેવાનની ધરપકડ કરવા અમદાવાદથી પોલીસ પાર્ટી આવેલ છે એવા સમાચારો વાયુવેગે નખત્રાણા અને આજુબાજુના ગામોમાં ફેલાતાં ૧૫ થી ૨૦ મિનિટમાં પાટીદાર બોર્ડીંગમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા અને સંસ્થા બિલ્ડીંગને કોર્ડન કરી લેવામાં આવેલ.

બપોર બાદ ૩-૦૦ વાગ્યાથી શરૂ થયેલ સમાધાન મીટીંગમાં ૬-૦૦ વાગ્યાથી આજુબાજુ બનાવ બનતાં તોફાની ડ્રામાની શરૂઆત થયેલ. એક સમયે વિશાળ સંખ્યા એકત્રિત થઈ જતાં કાયદો વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ. નખત્રાણા પી.એસ.આઈ. તેમજ નખત્રાણા સી.પી.આઈ.ની ટીમો દ્વારા અને નખત્રાણાના ડૉ. શાંતિલાલ સેંઘાણી અને તેમના મિત્રોની સતત જહેમત બાદ મોડી રાત્રે વાતાવરણ શાંત કરવામાં આવેલ. રમેશભાઈ વાઘડીયાએ થોડા સમય પહેલાં જ હૃદયનું ઓપરેશન કરાવેલ તેને અચાનક થયેલા બનાવોથી અસર થતાં મોડી રાત્રે દેવાશિષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ, જે અત્યારે નખત્રાણા પોલીસની નજરકેદ હેઠળ સારવાર મેળવી રહ્યા છે.

સમાધાન પંચની મીટીંગ દરમ્યાન બનેલ બનાવ સંદર્ભે બીજા દિવસે પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીની આગેવાની હેઠળ સમાધાન પંચના બંને પંથના આગેવાનો ફરીથી મળેલ અને ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સમાધાન ન ઈચ્છતા તત્વો દ્વારા જે રીતે મીટીંગને જ નજર સમક્ષ રાખીને ઉંબાડીયું કરવામાં આવ્યું તેને આગેવાનો દ્વારા વખોડી કાઢવામાં આવેલ.

સતપંથ સમાજના ઉપસ્થિત આગેવાનોને પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીની સહીથી કેસો પાછા ખેંચવા આદેશ પત્ર આપવામાં આવેલ.

આદેશ પત્રમાં જણાવ્યા મુજબ બેંગ્લોરના રમેશભાઈ વાઘડીયા ઉપર થયેલ કેસ તેમજ મોડાસામાં થયેલ ક્રિમીનલ કોર્ટ કેસો તાત્કાલિક પાછા ખેંચવા અને થયેલ કાર્યવાહીની જાણ સમાજના મુખ્ય કાર્યાલય નખત્રાણા-કચ્છ ખાતે કરવાનું આદેશમાં જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત સમાધાન પંચના સભ્યો જે રીતે સમાધાનકારી વલણ અપનાવી કાર્ય કરી રહ્યા હતા તેને આમ જ્ઞાતિજનોએ આવકારવું જોઈએ અને ઉંબાડીયું કરનારને ખુલ્લા પાડવા જોઈએ. સમાજમાં શાંત વાતાવરણ સ્થપાય અને આગામી સુવર્ણ જયંતિ મહોત્સવ સુમેળભર્યા વાતાવરણમાં ઉજવાય એજ સમયની માંગ છે.

પાટીદાર વિદ્યાર્થી ભવનમાં ઘટેલી ઘટનાને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારોએ એકી અવાજે વખોડી

આપણી સમાજમાં ચાલતા સાંપ્રદાયિક મતભેદો તથા સમાજના ભાઈઓ ઉપર થયેલ કોર્ટ કેસો બાબતે સમાધાન સમિતિની રચના કરવામાં આવેલ છે. આ બાબતે સમાધાન સમિતિ, સનાતન સમાજના ભાઈઓ તથા સતપંથ સમાજના ભાઈઓની સાથે સંયુક્ત મીટીંગ તા. ૨૭-૨-૧૦ના પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા મધ્યે ચાલુ હતી તે દરમ્યાન રમેશભાઈ વાઘડીયા ઉપર સતપંથ સમાજના ભાઈ મણીલાલ કાનજી છાભૈયા તરફથી થયેલ કોર્ટ કેસ બાબતે ધડપકડનું વોરંટ અમદાવાદ કોર્ટ તરફથી અમદાવાદ (અસલાલી) પોલીસ બજવણી કરવા માટે પાટીદાર વિદ્યાર્થી ભવનમાં આવેલને બજવણી કરેલ તે બાબતમાં રમેશભાઈની તબિયત બગડતાં દેવાશિષ હોસ્પિટલમાં દાખલ કરેલ.

ઉપરોક્ત થયેલ ગંભીર ઘટનાને નજર અંદાજ રાખી ગંભીર નોંધ લઈ સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીએ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારોની સંયુક્ત સભા અમદાવાદ ખાતે તાત્કાલિક બોલાવેલ. તેમાં ચર્ચા વિચારણાના અંતે નીચે લખ્યા મુજબના ઠરાવો કરવામાં આવેલ છે.

ઠરાવ - ૧ : સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણી દ્વારા તા. ૨૮-૨-૨૦૧૦ના રોજ સતપંથ સમાજના અગ્રણીઓને બોલાવીને કેસો પાછા ખેંચવા માટે આદેશ આપેલ તે આદેશને સતપંથ સમાજના અગ્રણીઓ તાત્કાલિક અમલ કરાવે જેથી સમાધાનના રાહ પર આવી શકાય.

ઠરાવ - ૨ : તા. ૨૭-૨-૧૦ની સમાધાન સમિતિની મીટીંગ પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણામાં ચાલતી હતી તે દરમ્યાન બનેલ ઉપરોક્ત ઘટના પૂર્વ આયોજિત હોવાનું જણાયેલ જેની સમાજ ગંભીરતાથી નોંધ લઈને તે ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

નખત્રાણા મધ્યે પાટીદાર વિદ્યાર્થી ભવનમાં સમાધાનની પ્રક્રિયા ચાલુ હતી તે દરમ્યાન સમાજના પરિસરમાં આ ઘટના ઘટી હોવાથી રમેશભાઈ વાઘડીયા પર થયેલ કેસ કાર્યવાહી અંગે સમાજ સહાનુભૂતિ દર્શાવે છે અને તેમને આ કાર્યવાહીમાં પુરા સહયોગમાં રહેશે.

realpatidar.com